# Bilateral Relations Review Meeting (Virtual) between Hon'ble Minister of External Affairs Dr. S. Jaishankar and H.E. Dato Seri Setia Haji Erywan bin Pehin Datu Pekerma Jaya Haji Mohd. Yusof, Hon'ble Minister of Foreign Affairs-II of Brunei Darussalam

February 18, 2021

---

# માનનિય ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને બ્રુનેઇ દારુસ્સલામનાં માનનિય વિદેશ મંત્રી-II મહામહિમ દાતો સેરી સેતિયા હાજી એરીવાન બિન પેહિન દાતુ પેકેરમાં જાયા હાજી મોહમ્મદ યુસોફ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા બેઠક (વર્ચ્યુઅલ)

ફેબ્રુઆરી 18, 2021

1. દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરવા માટે 18 ફેબ્રુઆરી 2021 નાં રોજ માનનિય ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને બ્રુનેઇ દારુસ્સલામનાં માનનિય વિદેશ મંત્રી-II મહામહિમ દાતો સેરી સેતિયા હાજી એરીવાન બિન પેહિન દાતુ પેકેરમાં જાયા હાજી મોહમ્મદ યુસોફે વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર બેઠક યોજી હતી. આ બેઠક નવી દિલ્હીમાં જૂન 2019 માં બે દેશો વચ્ચે યોજાયેલ વિદેશ કચેરીનાં પરામર્શોનો 7માં રાઉન્ડનું નુસરણ હતું. બન્ને મંત્રીઓએ દ્વિપક્ષીય સંબંધોની તમામ બાબતો તેમજ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

2. માનનિય વિદેશ મંત્રીએ દેશમાં અસરકારક રીતે કોરોના-19 મહામારીને અસરકારક રીતે કાબુમાં રાખવા બ્રુનેઇને અભિનંદન પાઠવ્યા હતા. તેણે બ્રુનેઇને 2021 માટે ASEAN અધ્યક્ષતા ધારણ કરવા પર અભિનંદન પણ પાઠવ્યા હતા અને બ્રુનેઇને ASEAN ની સફળ અધ્યક્ષતા માટે ભારતનાં સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી. તેણે નવા સ્થળ પર ઇસરોનાં પ્રવર્તમાન ટેલીમેટ્રી ટ્રેકિંગ એન્ડ કમાન્ડ (TTC) નું સ્થળાંતરણ કરવામાં સવિધા આપી અને ભારતનાં અવકાશનાં કાર્યક્રમમાં સહકાર આપવા, વિવિધ આંતરરાષ્ટ્રિય સંગઠનોમાં ભારતનાં સભ્યપદને

સમર્થન આપવા; અને આંતરરાષ્ટ્રિય આતંકવાદનાં વિષય પર સમર્થન આપવા બદલ બ્રુનેઇની સરકારનો આભાર માન્યો હતો. તેણે કોવિડ-19 મહામારીનાં કારણે ફ્લાઇટો સ્થગિત થયા બાદ બ્રુનેઇમાં ફસાયેલા ભારતીય નાગરિકોને વતન પરત લાવવામાં સહાય કરવા બદલ પણ બ્રુનેઇની સરકારનો આભાર માન્યો હતો. બ્રુનેઇ દારુસ્સલામનાં વિદેશ મંત્રી-II મહામહિમ શ્રી હાજી એરીવાને બ્રુનેઇનાં નાગરીકોને વતન પરત ફરવા સહાય કરવા બદલ તથા અદ્ભૂત માનવ સંસાધન વિકાસ સહકાર બદલ ભારત સરકારનો આભાર માન્યો હતો.

3. બન્ને મંત્રીઓએ દ્વિપક્ષીય સંબંધોની વર્તમાન સ્થિતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો અને બન્ને દેશો દ્વારા ઓળખ કરવામાં આવેલ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકાર અને વ્યાપાર અને રોકાણોને વેગ આપવા સંમત થયા હતા. આમાં કૃષિ, ફૂડ પ્રોસેસિંગ, ICT, ITeS, ઇ-ગવર્નન્સ, S&T, શિક્ષણ, ઑટોમોટિવ, ઊર્જા, આરોગ્યસંભાળ અને ફાર્માસ્યુટિકલ્સ, બાંધકામ, કાપડ અને પોષાક, જવેલરી, ચામડામાં માલસામાન અને પ્રવાસન સહિતનો સમાવેશ થાય છે. સંરક્ષણ પર દ્વિપક્ષીય સહકાર પણ ચર્ચામાં આવ્યો હતો. બન્ને મંત્રીઓએ દ્વિપક્ષીય યંત્રણા મજબૂત કરવા માટે ચર્ચામાં રહેલા વિવિધ એમઓયૂ અને સમજૂતિ કરારોનું વહેલા સમાપન કરવા બળ આપવા અને દ્વિપક્ષીય વ્યાપારને વેગ આપવા પણ સંમત થયા હતા.

4. બ્રુનેઇનાં ક્ષમતા નિર્માણ કાર્યક્રમમાં ભારતની સહાયની ઑફરનાં ઉપયોગ પર અને આ સંબંધમાં બ્રુનેઇ તરફ ભારતની સાતત્યપૂર્ણ પ્રતિબદ્ધતા પર પણ ચર્ચાઓ યોજવામાં આવી હતી.

5. બન્ને મંત્રીઓએ જોડાણનાં તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારમાં વધારો કરવાની, એકબીજાનાં રાષ્ટ્રિય વિકાસોને સમર્થ આપવાની, અને સામાન્ય વૈશ્વિક પડકારો સામે સહકાર મજબૂત કરવાની પુનઃપુષ્ટિ કરી હતી.

**ફેબ્રુઆરી 18, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.